# રૂપા ભાગી ગઈ  ! (એક પ્રયોગશીલ લઘુકથા)

ચીમન પટેલ "ચમન"

સૂર્યકાન્તની રૂપા ભાગી ગઈ એ વાત વીજવેગે નારીવર્ગમાં ફરી વળી.

'અલી, તે સાંભળ્યું કે પેલા સૂર્યકાન્તની રૂપા કોઈ કાળિયા સાથે ભાગી ગઈ !'  વધામણી ખાતાં એકે કહ્યું.

'બળ્યું, કાળિયા સાથે શું કામ ભાગી ગઈ ? આપણો કોઈ દેશી ન મળ્યો ?  છેવટે કોઈ ધોળિયા સાથે મૂઈએ ભાગી જવું'તું ને ?'  સારાનરસાની તારવણી કરતાં બીજી બોલી.

ઘેરઘેર, ગ્રૉસરી અને ડિપાર્ટમેન્ટ સ્ટોર'માં, કથામાં અને જમવા એકઠા મળેલ મિત્રવર્ગમાં રૂપા ચર્ચાનો વિષય બની ગઈ !

રૂપાનો જન્મ અમેરિકામાં થયો હતો. ઘરમાં ભારતીય અને ઘરની બહાર અમેરિકાના સંસ્કાર એવી રહેણીકરણીમાં એનો ઉછેર થયો હતો.

કૉલેજના છેલ્લા વર્ષમાં એ હતી.

એના યુવાન હૈયામાં અરમાનોની કૂંપળો ફૂટવી શરૂ થઈ ગઈ હતી. એ કૂંપળોને ઘરની બહારના વાતાવરણમાંથી ઉષ્મા મળતી હતી, તો વળી ઘરના વાતાવરણમાં એ કૂંપળો કરમાઈ જતી હતી.

કૉલેજમાં એ રોબર્ટના સંપર્કમાં  આવી. સંપર્કથી સાન્નિધ્ય વધ્યું. સાન્નિધ્યથી બંનેનાં તન અને મન નજીક આવ્યાં.

રોબર્ટ એક ગરીબ ઘરમાં નાના ગામમાં ઉછર્યો હતો. એ સાતેક વર્ષનો હતો, ત્યારે એનાં મમ્મી-પપ્પા છૂટાછેડા લઈ છૂટાં પડ્યાં હતાં. રોબર્ટના ઉચ્ચતર અભ્યાસ માટે એની મમ્મી શહેરમાં નોકરી ખોળીને સ્થાયી થઈ હતી. આર્થિક સંકડામણના કારણે  કે પછી મમ્મી-પપ્પાના છૂટાછેડાના આઘાતના કારણે રોબર્ટમાં કોઈ પ્રકારનું વ્યસન ઘર કરી ગયું નો'તું.

કૉલેજથી ઘેર આવતાં રૂપાને એક દિવસ ખૂબ જ મોડું થયું. ઘરમાં પગ મૂકતાંની સાથે જ એની મમ્મીએ એનો ઉધડો લઈ નાખ્યો ! લોકો પાસેથી એના અંગેની સાંભળેલી વાતોની બંને વચ્ચે રકઝક થઈ. સૂર્યકાન્ત વચ્ચે સમજાવવા ગયા તો વીફરેલી ધર્મપત્ની એમના પર બગડતાં બોલી, 'તમે વચ્ચે ના બોલો ! તમને આમાં ખબર ન પડે !'  ગુજરાતી ચાર ચોપડી ભણેલી નાર આજે અમેરિકાની માસ્ટર ડિગ્રીવાળાને કહે છે, 'તમને આમાં ખબર ન પડે !'  બળતામાં ઘી શા માટે નાખવું એમ વિચારીને સૂર્યકાન્ત પાછા પડી ગયા !

દીકરી અને મા વચ્ચે શબ્દયુદ્ધ ખૂબજ વધી ગયું. બંનેનાં દિલોમાં ધૃણા અને તિરસ્કારની જવાળાઓ એ દિવસે ફરી વળી.

રૂપા એની રૂમમાં ચાલી ગઈ અને બારણાં બંધ કરીને એ દિવસે ખૂબ રડી ! હૈયું હળવું થતાં એનું મન પંખીઘરમાંથી ઊડી જવા થનગની ઊઠ્યું.

તે દિવસથી રૂપાને જલ્દી પરણાવી દેવાના પ્રયત્નો ઘરમાં શરૂ થઈ ગયા. છોકરાઓના ફોટાઓ જોવા ખાતર એ જોતી અને એને આપવામાં આવતા છોકરાઓના ફોનની ચબરખીઓ એ ફાડી નાખતી. પરિણામે માદીકરી વચ્ચે દિનપ્રતિદિન વિવાદો વધતા જ ગયા !

એક દિવસ કૉલેજથી ઘેર આવવાને બદલે એ રોબર્ટની રૂમ પર ગઈ અને રોબર્ટને બધી વાતથી વાકેફ કર્યો. રોબર્ટનું દિલ દ્રવી ઊઠ્યું અને એણે રૂપાને સદાને માટે અપનાવી લીધી.

રૂપાએ મેઈલગ્રામથી માબાપને વાકેફ કર્યાં.

'મેઈલગ્રામ' વાંચતાં જ સૂર્યકાન્ત તો હતાશ થઈને સોફામાં જ ફસકી પડ્યા !

રૂપાની  મમ્મીની દશા તો કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઈ હતી !

રૂપા સદાને માટે ઘર છોડીને રોબર્ટ સાથે ચાલી ગઈ હતી !!!

# # # # #